ક્રમાંક : જમન/૨૯-એ/બ/728-30 /૧૫-૧૬
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા :22/૦૪/૨૦૧૬.

વિષય:- ડાયવર્ઝન ઓફ ૧.૦૫૮૭ હેક્ટર ઓફ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ લેન્ડ ફોર ધ પ્રોજેક્ટ ઓફ કન્સ્ટ્રક્શન ઓફ આર.ઓ.ડબલ્યુ ઓન સાવ્લી-ટીમ્બા એટ કિ.મી ૩૭.૭ ટુ ૩૮.૦૫ એન્ડ અમદાવાદ-ગોધરા રોડ એટ કિ.મી ૯૮.૨ ટુ ૯૮.૫૫૦ નીયર ઉદેપુર ઇન સાવલી તાલુકા ફોર એક્ઝેક્યુટીવ એન્જીનીયર, ડીસ્ટ્રીક્ટ (આર&બી) ડીવીઝન, અલકાપુરી, વડોદરા ઇન ગુજરાત સ્ટેટ.

સંદર્ભ:- વન સંરક્ષકશ્રી, સા.વ. વર્તુળ, ભરૂચના પત્ર ક્રમાંક :
A/FCA/T.6/56-57, તા-૦૫/૦૪/૨૦૧૬.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત આપના પત્રથી વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રે સાદર કરેલ છે. સદરહું દરખાસ્તની ચકાસણી કરતાં દરખાસ્તમાં અધુરાશ હોઇ આ સાથે દરખાસ્તની તમામ નકલો જરૂરી પુર્તતા સારૂ પરત કરવામાં આવે છે, નીચે મુજબના મુદ્દાઓની પૂર્તતા કરી દરખાસ્ત અત્રે પુન:સાદર કરવા વિનંતી છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં ઓન લાઇન એન્ટ્રી દરમીયાન નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા અપલોડ કરવાના થતા વળતર વાનીકરણ સ્કીમના ટોપોશીટ મેપ અને જીઓ રેફરેન્સ મેપ ને બદલે ડાયવર્ઝન વિસ્તારના મેપ અપલોડ કરવામાં આવેલ છે, ઓન લાઇન બે વાર પ્રસ્તુત બાબતે જણાવવામાં આવેલ હોવા છતાં ડાયવર્ઝન વિસ્તારના જ મેપ અપલોડ કરવામાં આવેલ છે જેથી હવે પછી વળતર વનીકરણ વિસ્તાર દર્શાવતા મેપ જ અપલોડ કરવા વિનંતી છે.

(૨) દરખાસ્તમાં સામેલ ગેઝેટમાં માત્ર સાવલી ટીંબા રોડ દર્શાવતા ગેઝેટની નકલ જ સામેલ છે જેથી અમદાવાદ-ગોધરા રોડ દર્શાવતા ગેઝેટની નકલ પણ સામેલ રાખવાની રહેશે.

(૩) દરખાસ્તમાં માંગણી વાળા વિસ્તાર ૧.૦૫૮૭ હેક્ટર દર્શાવેલ છે પરંતુ પાર્ટ-૧ અને પાર્ટ-૨ માં વિસ્તાર માત્ર ૧.૦૫ હેક્ટર દર્શાવેલ છે જેથી ફાઇલમાં જે જે જગ્યાએ વિસ્તાર ૧.૦૫ હેક્ટર દર્શાવેલ છે તે જગ્યા એ વિસ્તાર સુધારવાનો રહેશે.

(૪) એનેક્ષર-૭ માં માંગણી વાળા વન વિસ્તારની સંપુર્ણ વિગત દર્શાવવાની હોય છે પરંતુ કોઇ જ વિગત આપવામાં આવેલી નથી. જેથી એરીયા ગણતરી પત્રકમાં સંપુર્ણ વિગત ભરવાની રહેશે.

(૫) એનેક્ષર-૧૫ માં સામેલ કલેક્ટરશ્રી ના પ્રમાણપત્રમાં પણ ૧.૦૫ હેક્ટર વિસ્તારનો જ ઉલ્લેખ કરવામાં આવેલ છે જેથી જરૂરી સુધારો કરેલ પ્રમાણપત્ર સામેલ રાખવાનુ રહેશે.

(૬) એનેક્ષર-૨૨ માં ભારત સરકારશ્રી ની પુર્વ મંજુરી વિના સ્થળ પર કોઇ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ? તેની સામે NOT APPLICABLE દર્શાવેલ છે જેથી જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૭) દરખાસ્તમાં રીહેબીલીટેશન અંગેનુ પ્રમાણપત્ર સામેલ રાખવામાં& આવેલ નથી જેથી દરખાસ્તમાં સામેલ રાખવાનુ રહેશે.

( અક્ષય કે. સક્સેના )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર.

O/C
21-04-16

પ્રતિ,

વન સંરક્ષકશ્રી,

સા.વ. વર્તુળ, ભરૂચ.

નકલ રવાના : નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ. વર્તુળ, વડોદરા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ જય ભારત સહ રવાના : Executive Engineer, Office of the Executive Engineer, District (R&B) Division, Suprabhat Bunglow, B/H Hotel Welcome, Alkapuri, Vadodara for information and necessary action.